ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૧૦-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

હરિયાણામાં મોદી મેજિક; મહારાષ્ટ્રમાં ત્રિશંકુ

બે મહત્ત્વનાં રાજ્યોમાં થયેલ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉપસી આવેલ છે અને હરિયાણામાં તો એ પોતાની આગવી તાકાત પર સત્તા સ્થાને આવી રહી છે. ભાજપ મહારાષ્ટ્રમાં પોતાની તાકાત પર સરકાર બનાવી શકવાની સ્થિતિમાં નથી. એમાં મોદી અને અમિત શાહની ગણતરી ઊંધી પડી છે. આ જુગલજોડી એમ માનીને ચાલી રહી હતી કે શિવસેના સાથે ગંઠબધન તોડી દીધા પછી પણ મોદી મેજિક ચાલશે અને વિકાસના મુદ્દા પર મતદારો ભાજપને સ્પષ્ટ બહુમતી આપી દેશે. એમની આ ધારણા ખોટી પડી છે ત્યારે ભાજપ માટે મહારાષ્ટ્રમાં કોની સાથે બેસીને સરકાર બનાવવી એ માથાનો દુખાવો બની રહેલ છે. શિવસેનાએ ભાજપની 'નેચરલ' સહયોગી ગણાતી રહી છે, પરંતુ ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદનો દાવો કર્યો અને મોદી વિશે એલફેલ ઉચ્ચારણો કર્યા ત્યારથી સમીકરણો ખોડંગાવા લાગ્યાં હતા. હવે પરિસ્થિતિ એવી ઊભી થઇ છે કે મોદી મહારાષ્ટ્રને ખુલ્લંખુલ્લા કૉંગ્રેસ મુક્ત કરવાની મંશામાં પૂરી સફળતા નથી મેળવી શક્યા એમ સહયોગી શિવસેનાને પણ પાઠ ભણાવવામાં એમને આંશિક સફળતા જ સાંપડી છે. રાજકારણમાં કોઇ કાયમી દોસ્ત કે દુશ્મન નથી હોતું - એ ન્યાયે જો ભાજપ વિરૂદ્ધ તમામ જેવી નવી ફોર્મ્યુલા અપનાવવામાં આવે તો ભાજપના હોઠ લગી આવેલો સત્તાનો કોળિયો ઝૂંટવાઇ જાય એમ છે. અલબત્ત, વર્ષો જૂની વિચારધારાની લડાઇને કારણે શિવસેના કૉંગ્રેસ-એનસીપીના શરણે જવાનું ભાગ્યે જ પસંદ કરશે, પરંતુ શિવસેના પણ ભાજપને ટેકો આપવા તૈયાર થશે તો ફક્ત એની જ પોતાની શરતો પર. શિવસેનાએ એક ફોર્મ્યુલા રમતી મૂકી જ દીધી છે : અઢી-અઢી વરસની ખુરશીવાળી! ભાજપ કદાચ આવી ફોર્મ્યુલા સ્વીકારવાને બદલે શિવસેનાને ઉપમુખ્યમંત્રીપદ ઉપરાંત મહત્ત્વનાં કેટલાંક ખાતાં રાજ્ય અને કેન્દ્ર સ્તરે આપવા સહમત થાય તે બનાવાજોગ. શિવસેના માટે આ સ્વમાનનો પ્રશ્ન છે, તો મોદી માટે પણ મુખ્યમંત્રીપદ એ પ્રતિષ્ઠાનો મુદ્દો રહેશે. શિવાજી અને અફઝલખાનવાળી તુલનાથી મોદીનો ઇગો લોહીલુહાણ થયો છે. શરદ પવારની એનસીપીએ ભાજપને બિનશરતી ટેકો આપવાની તૈયારી દર્શાવીને જબરદસ્ત ચાલ ચલી દીધી છે. અડવાણી જેવા વરિષ્ઠ અગ્રણી શિવસેના સાથે મળીને જ સરકાર બનાવવી જોઇએ એવો આગ્રહ સેવી રહ્યા છે. બીજી તરફ કૉંગ્રેસ માટે સમગ્ર દેશમાંથી ભૂંસાઇ જવાની શક્યતા સરજાઇ છે. એક પછી એક એની પાસેથી મહત્વનાં રાજ્યો સરકી રહ્યાં છે ત્યારે તેણે પુનરુત્થાન માટે નવેસરથી પ્રજા વચ્ચે જવું પડશે. છેલ્લાં દસ-પંદર વર્ષ દરમિયાન એની શાસનશૈલી વિરૂદ્ધ જનસાધારણમાં ભારે રોષ ઊભો થયેલો છે. મોદીએ એ રોષનો પૂરેપૂરો લાભ ઉઠાવી શક્યા છે. હજી સુધીનાં પરિણામો દર્શાવે છે કે પ્રજાને મોદી કશુંક નક્કર કારી બતાવશે એવો વિશ્વાસ છે. આ વિશ્વાસ ટકાવી રાખવા માટે મોદીએ પણ એમના પૂર્વગ્રહો છોડવા પડશે, સમાધાનો સ્વીકારવાં પડશે. કેન્દ્રમાં સત્તા હોવા છતાં મહારાષ્ટ્રમાં સ્પષ્ટ બહુમતી નથી મળી શકી, એ ઘણો મહત્ત્વનો મુદ્દો છે. જો શિવસેના સાથે જોડાણ ચાલુ રાખીને ચૂંટણી લડ્યા હોત તો કદાચ મોદી એમના કૉંગ્રેસની સંપૂર્ણ સાફસૂફી કાર્યક્રમમાં સફળ થઇ શક્યા હોત. એ દૃષ્ટિએ મહારાષ્ટ્રની ચૂંટણી મોદી માટે મોટો બોધપાઠ બની રહેશે. હરિયાણામાં સુવાંગ સત્તા મળ્યા બદલ એ જરૂર ગર્વ કરી શકે. હરિયાણાએ હવે જ્ઞાતીવાદી પરિબળો અને સ્થાનિક પ્રશ્નોને એક તરફ મૂકી રાષ્ટ્રીય સ્તરે જેની સત્તા છે એવા મોદીની સાથે ચાલવાનું નક્કી કર્યું છે. પ્રજામાં જો આ જ વલણ ચાલુ રહે તો આગામી વર્ષોમાં પૂરેપૂરાં દેશમાં 'સભ ભગવા હો જાયેગા' - એવી આગાહી જરૂર કરી શકાય!

ગાંધીનગરમાં જાણિતા સાહિત્યકાર શિવદાન ગઢવીના ગ્રંથોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૯

પંચાયત સેવા સમિતિના પૂર્વ ચેરમેન અને જાણીતા સાહિત્યકાર શ્રી શિવદાન ગઢવી કૃત ગ્રંથોઁ શબ્દો ગગને ગાજયા અને ઁ ઘરાના સોહામણા રંગ પુસ્તકોનો વિમોચન - અર્પણ સમારંભ કડી સ્કુલ કેમ્પસના બ્રહ્મામણી હોલ ખાતે યોજાયો હતો આ બન્ને ગ્રંથોનું

વિમોચન ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઇ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગ્રંથોના વિમોચન સમારંભમાં ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઇ પટેલે જણાવ્યું હતું કે, ઘરાના સોહામણ રંગ પુસ્તકમાં ઉત્તર ગુજરાતના ગામડાઓના જીવન -સંગોને ઉમદા રીતે ટાંકવામાં આવ્યા છે. આ પુસ્તક આજની યુવા પેઢી માટે માર્ગદર્શક રૂપ બની રહેશે. સૌરાષ્ટ્રની વાત અનેક લેખકો, સાહિત્યકાર અને કવિઓએ લખી છે, પણ ઉત્તર ગુજરાતના વતની શ્રી શિવદાન ગઢવીએ ઉત્તર ગુજરાતની ઘરાની વાત કરી છે, તે બદલ હું તેમને અભિનંદન આપુ છું.

તે ઉપરાંત શબ્દો ગગને ગાજયા પુસ્તક ચારણ સાહિત્યના સંદર્ભમાં છે. આ પુસ્તકમાં ચારણ સાહિત્યની વાત ખૂબ જ સરળતાથી આલેખવામાં આવી છે. વધુમાં તેઓશ્રી જણાવ્યું હતું કે, ચારણ સમાજ પર સરસ્વતીની કૃપા રહી છે, આ સમાજના લોકો સરળતાથી લખી શકે છે, ગાઇ શકે છે, અને અભિવ્યકત પણ કરી શકે છે.

વધુમાં તેઓશ્રીએ કહ્યું હતું કે, આજના માનવીએ -તિષ્ઠાની પાછળ દોટ મુકી છે, તેના કારણે લોકોમાં ચારિત્ર્ય અને જીવન ઘડતરના મૂલ્યનું -માણ ઘટતું જાય છે. આજના માણસામાં ચારિત્ર્ય અને જીવન મૂલ્યનું ઘડતર કરવાનું કામ સાહિત્ય અને સાહિત્યકારો કરી રહ્યાં છે. જીવનમાં વિચારોનું મહત્વ ખૂબ જ છે, સારા વિચારો સારું વાંચન કરવાથી, સારું જોવાથી અને સારી સોગતથી જ આવે છે. તેમજ વાંચનથી માણસાના જીવનમાં પરિવર્તન પણ આવે છે. જેથી રાજય સરકાર દ્વારા વાંચે ગુજરાતના અનેરા કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે.

આ -સંગે આર.ટી.આઇ કમિશનર શ્રી વસંતભાઇ ગઢવીએ જણાવ્યું હતું કે, દિપાવલી પર્વમાં આપણે સૌ દીપ -ગટાવીને -ત્યેક્ષ કે પરોક્ષ રીતે સરસ્વતીની જ ઉપાસના કરી છીએ, આજે આપણે સૌ અહી બે સારા ગ્રંથોના વિમોચન સમારંભમાં ઉપસ્થિત રહીને સરસ્વતીની જ ઉપાસના કરી રહ્યાં છીએ. શ્રી વસંતભાઇ ગઢવીએ શિવદાન ગઢવીના બન્ને ગ્રંથોનો રસાસ્વાદ પણ કરાવ્યો હતો.

આ -સંગે શિવદાન ગઢવીએ પોતે લેખેલા બન્નો ગ્રંથોની વિસ્તૃત વાત કરી હતી. આ સમારંભમાં પૂર્વ આચાર્ય શ્રી બનેસંગ ગઢવી, મેઘાણી કેન્દ્ર રાજકોટના નિયામક શ્રી ડી. અંબાદાન રોહડિયા, પૂર્વ કલેકટર અને સાહિત્યકાર શ્રી -વિણભાઇ ગઢવી, કોલમ લેખક અને સાહિત્યકાર શ્રી દોલતભાઇ ભટ્ટ, ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ શ્રી ભરતભાઇ કવિ, સાહિત્યકાર શ્રી હર્ષદભાઇ ત્રિવેદી સહિત અનેક સાહિત્યકાર અને ગઢવી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહયાં હતાં.

હરિની દૃષ્ટિ...



સ્વિમીંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

લેકાવાડા સ્થિત કેન્દ્રિય વિદ્યાલય-૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ઓલ ઈન્ડિયા સ્વિમીંગ ચેમ્પિયન શીપ ૨૦૧૪માં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. તાજેતરમાં દિલ્હી ખાતે ઓલ ઈન્ડિયા કેન્દ્રીય વિદ્યાલય સ્વિમીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૪ યોજવામાં આવી હતી જેમાં લેકાવાડામાં આવેલ કેન્દ્રિય વિદ્યાલય નં. ૨માં અભ્યાસ કરતાકુંદન દિક્ષિત સકસેનાએ ભાગ લીધો હતો. ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં ગોલ્ડ અને ૨૦૦ મીટર અને ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મેડલ મેળવી વિદ્યાલય અને ગુજરાતનું નામ દેશમાં ગુંજતું કર્યું છે.

ડૉ. સી.એલ.પટેલના વડપણ હેઠળ સીવીએમે છેલ્લા વર્ષમાં શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રે પ્રગતિનાં નવાં સોપાન સર કર્યા

ચારુતર વિદ્યામંડળની ૬૪મી વાર્ષિક સભામાં મંડળના ઉપપ્રમુખપદે ફરી હસમુખભાઈ પટેલ બિનહરીફ ચૂંટાયાની જાહેરાત કરાઈ

વલ્લભ વિદ્યાનગર, ૧૮

છેલ્લા એક વર્ષમાં આર્થિક અને શૈક્ષણિકક્ષેત્રે ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણસંકુલ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)એ પ્રગતિનાં નવાં સોપાન સર કર્યા છે. સીવીએમની શિક્ષણ સંસ્થાઓ રાષ્ટ્રીયસ્તરે યોજવામાં આવતા મૂલ્યાંકન(એક્રિડિટેશન)માં એ-ગ્રેડ મેળવતી રહી છે અને સાથે સાથે મંડળની મૂડીમાં કુલ ૨૮ કરોડ ૨૮ લાખ રૂપિયાનો વધારો નોંધાયો છે તેમજ તેની મિલકતો રૂપિયા ૧૭૧ કરોડમાંથી ૧૭૬ કરોડ રૂપિયાની થતાં તેમાં ૫ કરોડનો વધારો થયો હોવાનું સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના પ્રમુખપદે ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત એ.ડી.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના સભાગૃહમાં મળેલી ૬૪મી વાર્ષિક સાધારણ સભામાં સભાસદોને માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલે જણાવ્યું હતું.

શનિવારે સાંજે મળેલી વાર્ષિક સાધારણ સભામાં મંડળના ઉપપ્રમુખપદે ફરી શ્રી હસમુખભાઈ પટેલ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. આ વર્ષો વી.પી.સાયન્સ કૉલેજ, અરિબાસ, આઈસ્ટાર અને એસ.એમ.પટેલ કૉલેજ ઓફ હોમસાયન્સને નૅક એક્રિડિટેશનમાં 'એ' ગ્રેડ પ્રાપ્ત થયાની ખાસ નોંધ લેવામાં આવી અને અગાઉ સેમકોમ અને એનવીપાસને 'એ' ગ્રેડ પ્રાપ્ત થયાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. ચારુતર વિદ્યામંડળની વી પી સાયન્સ, હોમસાયન્સ અને એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટને યુજીસીએ પોટેન્શિયલ ફોર એક્સેલન્સ હેઠળ મોટી રકમ ખાસ અનુદાન તરીકે આપી હોવાનું પણ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે જણાવ્યું હતું.

સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે મંડળના કાઉન્સિલ સભ્યો, દાતાઓ, તેમના પ્રતિનિધિ સભ્યો તેમજ શિક્ષણ સંસ્થાઓના વડાઓ અને કર્મચારીગણના સાથ-સહકારથી પ્રગતિનાં નવા સોપાન સર કરવાનું શક્ય બન્યું હોવાનું જણાવતાં મંડળની મૂડી અને મિલકતોમાં થયેલો વધારો ટીમસ્પિરિટનું પરિણામ લેખાવ્યું હતું. મંડળના સભાસદો અને શુભેચ્છકોને આ વિકાસ યાત્રાને વધુ ગતિ મળે તે માટે સારા સૂચનો અને સાથ-સહકાર આપવાનો અનુરોધ કરતાં ડૉ.પટેલે ઉમેયુ્ હતું કે માનદ સાથીઓ અને સમગ્રપણે સીવીએમ પરિવારની મહેનતને પ્રતાપે પૂર્વસૂરિઓ પૂ.ભાઈકાકા, પૂ.ભીખાભાઈ સાહેબ અને ડૉ.એચ.એમ.પટેલે કંડારેલી કેડીએ એકવીસમી સદીને અનુરૂપ શિક્ષણ અને સુવિધાઓ થકી સમગ્ર પ્રદેશનો વિકાસ કરવામાં ચારુતર વિદ્યામંડળ અગ્રેસર રહ્યું છે.

પ્રમુખપદેથી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.પટેલે વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાને સરકારે વારિગૃહ માટેની યોજના મંજૂર કરી હોવાનું જણાવીને આ યોજનામાં સહકાર આપવા માટે પાલિકાએ જમીન સહિતની કરેલી માંગણી સ્વીકારી તે અંગે ગવર્નિંગ બૉડીમાં ઠરાવ કરવાની ભલામણની દરખાસ્ત રજૂ કરી હતી જેને ઉપસ્થિત તમામ સભ્યોએ એકી અવાજે વધાવી લીધી હતી.

પ્રારંભમાં માનદ મંત્રી પ્રિ.શનુભાઈએ સભાની કાર્યવાહી શરૂ કરાવતા એક પછી એક કામકાજ મંજૂરી માટે રજૂ કર્યું હતું અને ડૉ.સી.એલ.પટેલના વડપણ હેઠળ નિસ્વાર્થ ભાવે ભાઈકાકા અને એચ.એમ.પટેલ સાહેબની જેમ જ ચાલતી કામગીરીની ઝલક સભાસદો સમક્ષ રજૂ કરી હતી. વાર્ષિક સાધારણ સભામાં મંડળના ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ તેમ જ માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી.પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી બી. પી. પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી એમ.જે.પટેલ અને પ્રિ.આર. સી.દેસાઈ ઉપરાંત આણંદ પાલિકાના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશ પટેલ અને વલ્લભ વિદ્યાનગર પાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ (બાબાભાઈ) સહિતના સભાસદો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

એનઆઈસીએમ કોલેજ ગાંધીનગરમાં CFP પ્રોગ્રામનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૯

એનઆઈસીએમ કોલેજ દ્વારા FPSB સાથે એમઓયુ સાઈન કરી CFP પ્રોગ્રામનો ભવ્યાતિભવ્ય પ્રારંભ થયો. સાથે આ કોલેજને CFP માટેની ટ્રેનિંગ સેન્ટરની માન્યતા મળી. આ કોર્ષમાં ફાઈનાન્સ સેકટરમાં ઉજ્જવળ કારકીર્દી ઘડવા ઈચ્છતા ધો-૧૨ પાસ વિદ્યાર્થી તથા ફાઈનાન્સ સેકટરના કર્મચારી આ કોર્ષ કરી એક નવી દિશા મેળવી શકશે એવું ખાસ મુંબઈથી પધારેલ વકતાશ્રીએ કહ્યું. સાથે આ કેમ્પસ ડિરેકટર ડૉ. એસ. ઓ જુનારેના માર્ગદર્શન હેઠળ અને પ્રો. યશ ભટ્ટના નેતૃત્વ નીચે આ કાર્યક્રમનું આયોજન થશે. જેમને આ પ્રોગ્રામ કરવો હોય તેમણે પ્રો. યશ ભટ્ટ એનઆઈસીએમ કોલેજનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

શત્રુંજય ગિરિરાજની તળેટીમાં ૧૦૮ ફૂટની દાદા આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા યોજાશે

આ પ્રસંગે સાત દિવસના ભવ્ય કાર્યક્રમો દ્વારા ઋષભ સપ્તાહ ઉજવાશે : હજારોની સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓ ઉમટશે

ગાંધીનગર, તા. ૧૯

જૈન તિર્થ પાલીતાણા ખાતે દાદા આદિનાથ ભગવાનની ૧૦૮ ફૂટ ઊંચી પ્રતિમાની પ્રતિષ્ઠા તા. ૧૮મી જાન્યુઆરી-૨૦૧૫ ના રોજ યોજાનાર છે. આ પ્રસંગે તા. ૧૧મી જાન્યુઆરીથી તા. ૧૮મી જાન્યુઆરી સુધી સાત દિવસીય ઋષભ સપ્તાહ કાર્યક્રમ દ્વારા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

પાલીતાણા શત્રુંજય ગિરિરાજની તળેટીમાં જંબુદ્વિપ સંકુલ ખાતે આદિનાથ ભગવાનની ૧૦૮ ફૂટ ઊંચી પ્રતિમા પ્રસ્થાપિત કરાઈ રહી છે. આ મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને જૈન સમાજ દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવશે. અને સાત દિવસીય કાર્યક્રમો યોજાશે.

આ પ્રસંગે દીક્ષા-પદવી અને વર્ધમાનતપની ૧૦૦ ઓળીના પારણા થશે તેમજ મુંબઈના કલાકારો દ્વારા વિવિધ નાટિકાઓ ઋષભ સપ્તાહમાં રજૂ કરાશે. આ ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ૧ હજાર શ્રમળ-શ્રમણીગણ તેમજ ૫૦ હજારથી વધુ જૈન શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહેશે. આ પ્રાણ પ્રતિષ્ઠા પૂ. અભયસાગરજી મહારાજ અને પુ. અશોકસાગરજી મહારાજના સાનિધ્યમાં યોજાનાર છે.

મહિલા અને રાજકારણમાં સંદર્ભમાં ભારતીય બંધારણમાં મહિલાઓ માટે અનામતની જે જોગવાઇ છે તે સંદર્ભમાં ચર્ચા

મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

મહિલા સશકિતકરણના સંદર્ભમાં આપણી વિવિધ આયામોએ માહિતી મેળવી રહયા હતા. ખાસ કરીને મહિલા અને રાજકારણના સંદર્ભમાં ભારતીય બંધારણમાં મહિલાઓ માટે અનામતની જે જોગવાઈ છે તે સંદર્ભમાં પણ ચર્ચા કરી. ભારતીય બંધારણનો ૭૪ બંધારણીય સુધારો એ અંતર્ગત કાયદાકીય જોગવાઈ આપણે સમજી રહયા હતા.

આપણે જોયું કે અનામત બેઠકોની જોગવાઈ, સમાન જોગવાઈઓ તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોને મુદત સંદર્ભે પણ આપણે માહિતી મેળવી. ભારતીય બંધારણના ૭૪મા સુધારા અંતર્ગત વધારે માહિતી મેળવીએ તો,

(૪) મતદાનની અને ચૂંટાવાની લાયકાત :-

વિધાનસભાની મતદાર યાદી મુજબ વોર્ડ વાર મતદાર યાદી તૈયાર થશે અને ૧૮ વર્ષ પૂરા કરેલ વ્યકિત મતદાન કરી શકશે અને ૨૧ વર્ષ પૂરા કરેલ વ્યકિત ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે. ચૂંટણી માટે રાજય સરકારે ઠરાવેલ નિયમો મુજબ કાર્યવાહી થશે.

(૫) નાણાં કમિશન :-

બંધારણની કલમ ૨૪૩ આઈ. મુજબ પંચાયતો માટે રાજયપાલે રચેલું નાણાં કમિશન બંધારણની કલમ ૨૪૩ વાય. મુજબ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન કરશે અને તેનો અહેવાલ રાજય વિધાનસભામાં રજૂ કરશે તેમજ તેની ભલામણો મુજબ રાજય સરકાર પોતાના અંદાજપત્રમાં જોગવાઈ કરીને અનુદાન આપી શકશે. નાણા કમિશનની આ જોગવાઈ ખુબ અગત્યની છે.

(૬) સતા અને કાર્યો :-

બંધારણની કલમ ૨૪૩ ડબલ્યુ. અન્વયે તેના પરિશિષ્ઠ ૧૨માં જણાવેલ બાબતોની સતા કાર્યો માટે નગરપાલિકાધારાની કલમ ૯૧ થી વિગતે જોગવાઈ કરવામાં આવી છે. તે અન્વયે સ્વવિવેક અનુસારના કાર્યોમાં જાહેર સુખસગવડ, શિક્ષણ, આરોગ્ય, કલ્યાણ, વગેરેની બાબતો સમાવિષ્ટ છે. તે જ રીતે કોર્પોરેશનધારાની કલમ ૬૩ અને ૬૬ માં પણ આવી બાબતો ઉમેરવામાં આવી છે.

ભારતીય બંધારણનો ૭૪ મો સુધારો એ ખાસ કરીને સ્ત્રીઓ માટે રાજકીય સશકિતકરણ સંદર્ભેનું સોનેરી કિરણ છે તેમ કહીએ તો કશું ખોટું નથી. આ સુધારાના પરીપાક રૂપે આપણે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયતથી લઈ મહાનગર પાલિકાના મેયર સુધી બહેનોને કામ કરતા જોઈ રહયા છીએ. આમ પણ જે પાયાની સુવિધાઓ છે એટલે કે જનજીવન માટે પાયાની બાબતો છે તે ગટર, પાણી, રસ્તા અને લાઈટ-આ બધા સંદર્ભમાં પડતી મુશ્કેલીનો ત્યાગ મહિલાઓ મેળવી શકે છે અને એ રીતે જોઈએ તો દેશભરમાં અનેક સ્ત્રીઓએ સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ઉચ્ચો હોદો મેળવીએ પોતાની કાર્યકુશળતા પણ પુરવાર કરી છે.

વિધાનસભા અને લોકસભામાં અનામતની જોગવાઈ અંગે જોરશોરથી ચર્ચાઓ ચાલી રહી છે. કેટલાક લોકો આરક્ષણના મતમાં નથી તો વળી કેટલાક આરક્ષણ અંગે જોગવાઈ હોવી જ જોઈએ તેવું વિચારી રહયા છે.

સશકિતકરણના સંદર્ભમાં સમતાના ખ્યાલ અંતર્ગત લગભગ તમામ કાયદાઓનો સમાવેશ થઈ જાય છે. આપણી જે આ કોલમ છે તેમાં આપણે સ્ત્રીઓ સંદર્ભમાં કાયદાકીય વિષયક જોગવાઈઓનો અભ્યાસ કરી રહયા છીએ. સ્ત્રીઓના સંદર્ભમાં કાયદામાં વિશેષ જોગવાઈ કરવામાં આવેલી છે. સ્ત્રી સંદર્ભમાં શરીરને સ્પર્શતા ગુનાઓ સંદર્ભે ભારતીય ફોજદારી ધારામાં કડક જોગવાઈ કરવામાં આવેલી છે. જે અંગે વિગતવાર ભવિષ્યમાં ચર્ચા કરવામાં છીએ. ખાસ કરીને સ્ત્રીઓને ઘરગથ્થુ હિંસા સામે રક્ષણનો કાયદો એટલે ડોમેસ્ટીક વાયોલન્સ એકટ-૨૦૦૫ ની પણ વિગતવાર દરેક કોલમોનો અભ્યાસ આ કોલમમાં જ કર્યો છે. સ્ત્રીઓનો મિલકત વિષયક અધિકાર હોય કે સ્ત્રીઓ સંદર્ભમાં સમાનતા અંગેની જોગવાઈઓ હોય તે બધી જ બાબતોનો સમતાના ખ્યાલ અંતર્ગત સમાવેશ થાય છે. ભારતીય બંધારણમાં કન્યા કેળવણી તેમજ મફત કાનુની સલાહ અને સહાય અંગે પણ વિશેષ જોગવાઈ છે. આમ, આપણે સમતાના ખ્યાલ અંગે વિશેષ માહિતી મેળવી.

સ્ત્રી સશકિતકરણના સંદર્ભમાં ત્રીજા પ્રકારનો જે ખ્યાલ છે તે ગરીબી ઉન્મુલનનો ખ્યાલ.

ભારતની રાજય વ્યવસ્થા લોકતાંત્રિક સંસદીય લોકશાહી પ્રજાસતાક તરીકેની છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ પ્રાથમિક સુવિધાથી લઈ અને શહેર ચલાવવા માટે સંપૂર્ણ પણે પોતની રીતે વ્યવસ્થા કરે છે. અને આ સંદર્ભમાં જોઈએ તો ગરીબી ઉન્મુલનના ખ્યાલને સમજવા માટે સૌપ્રથમ ગરીબાઈના બાબતે જોઈએ તો વૈશ્વિક દ્રષ્ટિકોણથી ત્રીજા વિશ્વમાં વ્યાપક પાયે ગરીબાઈની સ્થિતિ જોવા મળે છે. સામાજિક ક્ષેત્ર આશરે ૭૮ ટકા છે. ગરીબ નીચલો મધ્યમ વર્ગ અને ઉપલો મધ્યમ વર્ગ તેનો આ ૭૮ ટકામાં સમાવેશ થાય છે. આ ૭૮ ટકા પૈકી આશરે ૪૦ ટકા લોકો ગરીબાની રેખા નીચે જીવે છે. સૌપ્રથમ ગરીબી ઉન્મુલનનો ખ્યાલ જે છે એટલે કે ધી એન્ટીપોવર્ટી એપ્રોચની વ્યાખ્યા જોઈએ તો,

(૩) ગરીબી ઉન્મુલનનો ખ્યાલ (ધી એન્ટીપોવર્ટી એપ્રોચ)

આ ખ્યાલ અંતર્ગત આર્થિક સંશાધનોમાં અસમાનતાના આધારે દરજજા ઉપર અસર થાય છે તેમ માનવામાં આવે છે અને માટે મહિલાઓમાં શ્રમના ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારવાની સાથે આવકની અસમાનતા દુર કરવા ઉપર આ વિચારધારા ભાર મુકે છે અને માટે મહિલાઓને નોકરીની તકો વધારે પૂમાણમાં ઉપલબ્ધ થવી જોઈએ અને સાથો સાથ આર્થિક પ્રવૃતિઓમાં મહિલાઓની હિસ્સેદારી વધવી જોઈએ, અલબત એક બાબત અત્રે નોંધવી રહી કે અહીં માતૃત્વ ધારણ કરવાની મુળભુત પ્રકૃતિદત વ્યવસ્થાને બીજા ક્રમે મુકવામાં આવે છે.

ગરીબી ઉન્મુલનનો ખ્યાલ એ સાંપૂત સમયમાં એ સૌથી વધુ સમજવો જરૂરી છે અને ક્રિયાશીલ આગેવાનો આ સંદર્ભમાં કામ કરે તે જરૂરી છે. ગરીબાઈના સંદર્ભમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં વાસ્તવિક પરિસ્થિતિ તેમજ ગરીબી ઉન્મુલનના ખ્યાલને વિશેષ રીતે સમજવા મળીએ આવતા અંકે.